GCERT

GANDHINAGAR

inspire awards - manak

million minds augmenting national aspiration and knowledge

## ઈન્સ્પાયર એવોર્ડ – માનાક

## વર્ષઃ- ૨૦૧૭

# યોજના અને નોમીનેશન ગાઈડલાઈન


પ્રેરકઃ ૧. ડો. ટી.એસ. જોષી, નિયામકશ્રી, જીસીઈઆરટી – ગાંધીનગર

૨. શ્રી બી.સી. સોલંકી, સચિવશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર.

માર્ગદર્શકઃ ડો. વિજયભાઈ પટેલ, રીડર, ગણિત – વિજ્ઞાન એકમ,

જીસીઈઆરટી – ગાંધીનગર

સંકલનઃ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, મહેસાણા


## ઈન્સ્પાયર એવોર્ડ યોજના માર્ગદર્શિકા

## INSPIRE AWARDS

ઈન્સ્પાયર એવોર્ડ યોજના ન્યુ દિલ્હી વિજ્ઞાન અને ટેકનોલજિ ભવન દ્વારા આયોજીત છે. આ યોજનાની શરુઆત વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન કરવામાં આવી હતી. જે વર્ષ ૨૦૧૬ સુધી કાર્યરત રહેશે. યોજના નો મુખ્ય હેતુ એ હતો કે વિજ્ઞાન- ગણિત ક્ષેત્રે પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા કક્ષાએ બાળકોમાં વિજ્ઞાન ક્ષેત્રે રસ અને રુચિ જળવાય રહે અને બાળકોની પ્રતિભાને બહાર લાવી પ્રોત્સાહિત કરી શકાય.

આ યોજના અંતર્ગત શરુઆતના વર્ષોમાં બાળકોના નામાંકન માટે મેન્યુઅલી સીસ્ટમ કાર્યરત હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૩ થી આ યોજનામાં નામાંકન માટે ઓનલાઈન સીસ્ટમનુ આયોજન કરવામાં આવ્યુ. ઈન્સ્પાયર એવોર્ડ યોજના અંતર્ગત રાષ્ટ્રની તમામ સરકારી પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળા ન્યુ દિલ્હી વિજ્ઞાન અને ટેકનોલજી ભવન દ્વારા તૈયાર કરેલ www.inspireawards-dst-gov.in ની વેબસાઈટ પર જઇ શાળા પોતાનુ રજીસ્ટ્રેશન કરાવી આઈડી અને પાસવર્ડ મેળવશે. ત્યાર બાદ DST ની સુચના મુજબ લોગ ઇન કરી બાળકોનુ ઓનલાઈન નોમીનેશન કરશે. નોમીનેશન જિલ્લા કક્ષાએ ફોરવર્ડ થશે. અને જિલ્લા કક્ષાએથી રાજય કક્ષાએ અને રાજય કક્ષાએથી રાષ્ટ્ર કક્ષાએ ફોરવર્ડ થશે. આમ રાષ્ટ્ર કક્ષાએ ન્યુ દિલ્હી વિજ્ઞાન અને ટેકનોલજી ભવન દ્વારા કુલ આવેલ નોમીનેશનમાંથી શ્રેષ્ઠ ૨૦૦૦૦૦ બાળકોને એવોર્ડ આપશે. આ એવોર્ડ મુજબ જે તે બાળકોના બેંક એકાઉન્ટમાં રુપિયા ૫૦૦૦ (પાંચ હજાર) એવોર્ડ સ્વરુપે જમા કરશે. જે રકમમાંથી બાળક આગામી સમયમાં યોજાનાર વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં મોડેલ તૈયાર કરી ભાગ લેશે. મોડેલ ફિઝીકસ ,કેમેસ્ટ્રી, બાયોલોજી અને પર્યાવરણ સાયન્સ પૈકી કોઈ એક કેટેગરીમાં રજૂ કરી શકાય તેવુ બનાવવુ જરુરી હતુ.

ઈન્સ્પાયર એવોર્ડ યોજના આ મુજબ કાર્યરત હતી પરંતુ વર્ષ ૨૦૧૭-૨૦૨૨ દરમ્યાન આ યોજનામાં બદલાવ કરવામાં આવ્યો અને ઈન્સ્પાયર એવોર્ડ યોજના નવા નામકરણ સાથે આ મુજબ કાર્યરત થશે.

# INSPIRE AWARDS - MANAK

## INSPIRE- INNOVATION IN SCIENCE PURSUIT FOR INSPIRED RESEARCH

## MANAK- Million Minds Augmenting National Aspiration and Knowledge

## (રાષ્ટ્રની આંકાક્ષાઓ અને જ્ઞાનનો ફેલાવો કરતા હજારો વિચારો)

નવી ઈન્સ્પાયર એવોર્ડ યોજના વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી કાર્યરત થશે. આ યોજનામાં અત્યાર સુધી INNOVATION શબ્દ ફકત વિજ્ઞાન ક્ષેત્ર સાથે સંકળાયેલ હતો પરંતુ નવી યોજનામાં INNOVATION શબ્દ ફકત વિજ્ઞાન નહી સમગ્રતયા કોઈપણ કાર્યક્ષેત્ર સાથે સંબધિત રહેશે

ઈનોવેશનએ માત્ર સ્પર્ધાત્મક સફળતા મેળવવા માટે જ નહી પરંતુ કોઈપણ સંસ્થા , ઐધોગિક વસાહતો તેમજ વૈશ્વિક જગતમાં દેશના ઉતરોતર વિકાસ માટે જરુરી છે. ઈનોવેશન માનવ જીવનની ગુણવતા સુધારણામાં ઉત્પાદન પ્રક્રિયા તેમજ સેવાઓમાં ફાળો આપે છે. આ રીતે તે માત્ર સંશોધનાત્મક પ્રક્રિયાઓ પુરતુ મર્યાદિત નથી. સરકાર દ્વારા ઈનોવેશનના રોલને સરહાનીય બનાવવા માટે ભારત સરકારે ૨૦૧૦-૨૦ ના દાયકાને ઈનોવેશન દાયકા તરીકે જાહેર કરેલ છે.

બાળકોમાં સર્જનાત્મકતા જન્મજાત હોય છે. દરેક બાળક સર્જનાત્મક હોય છે. તેની માત્રાઓ જુદી જુદી હોય શકે પરંતુ ક્રિયાઓમાં સામ્ય હોય છે. મૂળભૂત રીતે આપણે આપણા બાળકોમાં સર્જનાત્મકતા અને નવુ કરવાની આત્મશ્રદ્રા સતત પૂરી પાડવી જાઈએ. જેથી ભવિષ્યમાં તેઓ આપણા સમાજ અને દેશના એક સારા નેતા બની શકે. આ રીતે તેઓ કાલ્પનિકતા , સમાવેશી અને ઈનોવેટીવ વિચારો દ્વારા દેશના ભવિષ્યને સુદ્રઢ કરી શકે. આપણા સમાજના સમાવેશી વિકાસ માટે જે તે બાળકોને તેમની અંતરાત્માઓની અનિચ્છાઓ આત્મગૌરવ સાથે રજૂ કરવાની તકો પૂરી પાડવી જોઈએ. સર્જનાત્મક, અને કાલ્પનિક બાળકો એ કોઈપણ દેશની ભવ્ય મિલકત છે.

બાળકોમાં સંવેદના , સર્જનાત્મકતા અને સહયોગની ભાવના કેળવવાથી વિશ્વને ઉતમ નાગરિકો મળશે. ઈન્સ્પાયર એવોર્ડ યોજના શાળાકિય બાળકોની સર્જનસીલતા અને રચનાત્મક વિચારોની સંસ્કૃતીનો ફેલાવાની સાથે સાથે વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી સામાજિક જરુરીયાતોને પુરી કરવા માટેની દિશા માંટેની એક પહેલ છે.

નવી યોજનામાં યોજના DST (ન્યુ દિલ્હી વિજ્ઞાન અને ટેકનોલજી ભવન) સાથે NIF (નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન) નામની સંસ્થા જોડાયેલ છે. NIF ભારતમાંથી ઓનલાઈન સબમીટ થયેલ ઈનોવેટીવ આઈડીયાની સમીક્ષા કરી શ્રેષ્ઠ ઈનોવેટીવ આઈડીયા DST ને આપશે

## ➢ INSPIRE AWARD MANAK યોજનાનુ અમલીકરણઃ-

- આ યોજના અંતર્ગત ભારતમાંથી અંદાજે કુલ ૧૦,૦૦,૦૦૦ (દશ લાખ) આઈડીયા નામીનેટ થશે. જૈ પૈકી ૧૦૦૦૦૦ (એક લાખ ) શ્રેષ્ઠ આઈડીયા કે ઈનોવેશનને એવોર્ડ માટે પસંદ કરવામાં આવશે. (જૂની યોજનામાં આ એવોર્ડ ની સંખ્યા બે લાખ હતી)
- શાળા દ્વારા બાળકોનુ નોમીનેશન કરવામાં આવશે.એટલે તે જિલ્લા કક્ષાએ આવશે. જિલ્લા કક્ષાએ થી ચકાસણી કરી રાજય કક્ષાએ નોમીનેશન ફોરવર્ડ કરવામાં આવશે. રાજય કક્ષાએથી નોમીનેશન NIF ને ફોરવર્ડ કરવામાં આવશે. અહી NIF ની કમિટિ તમામ નોમીનેશનની તજજ્ઞ દ્વારા ચકાસી શ્રેષ્ઠ ઈનોવેશનને DST ફોરવર્ડ કરવામાં આવશે. DST દ્વારા પસંદિત થયેલ એવોર્ડ માટેની રકમ રુપિયા ૫૦૦૦ (અંકે પાંચ હજાર ) જે તે બાળકના બેંક ખાતામાં DBT ( DIRECT BENEFIT TRANSFER) ના માધ્યમથી જમા કરશે.
- એવાર્ડ રકમ મદદથી વિધાર્થી પોતાના ઈનોવેશનને મોડેલ કે પ્રોજેકટનુ સ્વરુપ આપશે અને કલ્સ્ટર કક્ષા , તાલુકા કક્ષા , જિલ્લા કક્ષા, રાજય કક્ષા સુધીના વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ભાગ લેશે.
- રાજય કક્ષાએ પસંદિત થયેલ શ્રેષ્ઠ ઈનોવેશનને રાષ્ટ્ર કક્ષાએ મોકલવામાં આવશે.
- રાષ્ટ્ર કક્ષાના વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ભાગ લેતા પહેલા રાજયના શ્રેષ્ઠ ઈનોવેટીવ વિધાર્થીઓને NIF ( નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન ) વર્કશોપના માધ્યમથી મદદરુપ બનશે. જે વર્કશોપમાં રાષ્ટ્રની નામાંકિત

સંસ્થા ઓ **IITs , NITs, IISERs, Central Universities , etc** જે આ ઈનોવેટીવ બાળકોના પ્રોજેકટને વર્કિંગ મોડેલ બનાવવામાં મદદ કરશે. આ વર્કશોપને અંતે રાષ્ટ્ર કક્ષાના વિજ્ઞાન-ગણિત ઈનોવેશન પ્રદર્શનમાં ભાગ લેવા માટે તમામ બાળકો પાસે તેમનુ વર્કિંગ મોડેલ હશે.

- રાષ્ટ્ર કક્ષાના વિજ્ઞાન-ગણિત ઈનોવેશન પ્રદર્શન ડિસેમ્બર માસના પહેલા સપ્તાહમાં આયોજન કરવામાં આવશે. જેમા ભારત ના જુદા જુદા રાજયો માંથી આવેલ ૧૦૦૦ (એક હજાર ) ઈનોવેટીવ પ્રોજેકટ માંથી બેસ્ટ ૬૦ ( સાઈઠ ) પ્રોજેકટ પસંદ કરવામાં આવશે.
- આ યોજના અંતર્ગત ભારતના બેસ્ટ ૬૦ ( સાઇઠ ) પ્રોજેકટની સરકાર અને DST ના માધ્યમથી વિધાર્થીના ઈનોવેટીવ આઇડીયાની તેના નામથી પેટન્ટ લેવામાં આવશે. ( પેટન્ટ ૧૦ વર્ષ કે તેથી વધુ વર્ષની હોય શકે.) જેની તમામ પ્રક્રિયા ભારત સરકાર દ્વારા કરવામાં આવશે.
- પેટન્ટ ના આધારે સરકાર દ્વારા વિધાર્થીના મોડેલમાંથી બનેલ પ્રોડકટને વૈશ્વિક બજારમાં ઉત્પાદન અને વેચાણ અર્થે મુકવામાં આવશે. અને જેના થકી જે રોયલ્ટી ઈનકમ્સ બનશે. તે જે બાળકના નામે પેટન્ટ હશે. તેને મળશે.
- માર્ચ માસમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાનાર THE ANNUAL FESTIVAL OF INNOVATION માં આ બેસ્ટ ૬૦ (સાઈઠ) ઈનોવેશન રજુ કરવામાં આવશે.

➢ Inspire award MANAK માં કેવા નોમીનેશનનો સ્વીકાર થશે.

શાળાકીય બાળકોના મૌલિક વિચાર / પ્રોજેકટ/ નવાચાર કે જે સમાજની જુદીજુદી સમસ્યાઓનુ સમાધાન કરે અને એ ઉપરાંત ઘરેલુ અને શ્રમિકોના શ્રમને ઓછુ કરવાના ઉપાયો અને તેની કાર્યક્ષમતાઓમાં વધારો કરવાની સાથે સાથે સેવાઓને આસાન બનાવી શકે.

➢ Inspire award MANAK માં કેવા નોમીનેશનનો સ્વીકાર નહી થઇ શકે.

યોજનામાં સામાન્ય વિચારો / મોડેલ/ પ્રોજેકટ જે પુસ્તકોમાં આપેલ ઉદાહરણો જેવા કે પવન ઉર્જા યોજના , જળ સંગ્રહ , જૈવિક ખોરાક, ભૂકંપ માપન કે સૂચન યંત્ર વગેરે. આ સિવાય માતા-પિતા કે શિક્ષકના સહયોગથી તૈયાર કરેલ ઈનોવેશન કે વિચાર. ઈન્સ્પયર એવોર્ડ માનાકમાં ફકત બાળકોના મૌલિક વિચારોને આગળ લઇ જવામાં આવશે. અને બાળકોના મૌલિક વિચારોને વર્કિંગ મોડેલ બનાવામાં માતા- પિતા અને શિક્ષકો મદદરુપ થઈ શકશે.

➢ Inspire award MANAK માં નોમીનેશન પસંદગીના આધારોઃ-

- બાળક દ્વારા આપવામાં આવેલ વિચારની જાણકારી
- નાવિન્યતા અને નવપ્રવર્તન
- સમાજિક ઉપયોગીતા
- ઉપયોગમાં સરળતા
- પર્યાવરણીય અસરો
- વ્યવસાયની દષ્ટીએ પ્રચારની ક્ષમતા વગેરે.

➢ નવી ઈન્સ્પાયર એવોર્ડ યોજનામાં કોણ ભાગ લઈ શકશે.

( સરકારી શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૧૦ એટલે કે ૧૦ થી ૧૫ વર્ષ ના પ્રતિભાશાળી વિધાર્થીઓ )

## નવી ઈન્સ્પાયર એવોર્ડ યોજનામાં ભાગ લેવા માટે શાળા કક્ષાએ તૈયારી:-

- રાજયની તમામ શાળાઓએ ઈન્સ્પાયર એવોર્ડ માટે શાળા રજીસ્ટ્રેશન કરાવેલ છે. ( શાળાઓએ નવુ રજીસ્ટ્રેશન કરવાનુ નથી જૂના રજીસ્ટ્રેશનમાંજ લોગીન કરી નોમીનેશન કરવાનુ છે.)
- જે શાળાઓએ હજુ સુધી ઈન્સ્પાયર એવોર્ડ માટે શાળા રજીસ્ટ્રેશન કરાવેલ નથી તે શાળાઓએ www.inspireawards-dst-gov.in વેબસાઈટ પર જઈ પ્રથમ રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે અને આપના USER ID અને પાસવર્ડ મેળવી લેવા.
- નવી યોજનામાં ધોરણ ૬ થી ૧૦ માં શાળામાં અભ્યાસ કરતા વિધાર્થીઓ રોજબરોજની સમસ્યાઓના સમાધાન માટેના ઈનોવેટીવ આઈડીયા શાળાના શિક્ષક અને આચાર્ય ને લેખીત સ્વરુપે જણાવશે.

  ( દા.ત એક વિધાર્થી ધરથી શાળા સુધી રસ્તામાં સ્છચ્છ ભારત મિશન અંતર્ગત મુકાયેલી કચરાપેટી જૂએ છે. જે કચરાપેટી સંપૂર્ણ કચરાથી ભરાય ગયેલ છે. અને તેની આજુબાજુમા કચરાપેટી ભરાય ગયેલ હોવાના કારણે કચરો પડેલ છે. આ વિધાર્થી આ રોજ જૂએ છે. તે શાળામાં આવી શિક્ષકને જણાવશે. સાર્વજનિક કચરાપેટી ભરાય ગયેલ છે. છતા કચરો લેવા આવનાર એજન્સીએ કચરાપેટી ખાલી કરેલ નથી કે કચરો ઉઠાવેલ નથી તો આ સમસ્યાનુ સામાધાન એ હોય શકે કે કચરાપેટીમાં સેન્સર મુકવામાં આવે જેથી ભરાય ત્યારે એજેન્સીને ખબર પડે કે શહેરમાં ૧૩૫ નંબરની કચરા પેટી ભરાય ગયેલ છે. તો તુરતજ કાર્યવાહી થઈ શકે. અને સ્છચ્છ ભારત ની કલ્પના સકાર થઈ શકે.

  બાળકનો આ આઈડીયા શિક્ષક બાળકની જાણકારી મુજબ ૧૦૦ થી ૧૨૫ શબ્દોમાં લખી તૈયાર કરશે. અને ઈન્સ્પાયર એવોર્ડની વબેસાઈટ પર અપલોડ કરશે. અને આ વિચારને ધ્યાને લઈ સાદુ મોડેલ બનાવી વિજ્ઞાન-પ્રદર્શનમાં ભાગ લેશે. )

- નવી યોજનામાં વિધાર્થી કેન્દ્ર સ્થાને છે. ફકત બાળકના ઈનોવેટીવ આઈડીયાને અગ્રીમતા આપવામાં આવશે. વાલી કે શિક્ષકના નહી. કારણકે આ યોજનામાં આગળ બાળકને તમામ પ્રક્રિયામાંથી પસાર થવાનુ રહેશે
- નવી યોજનામાં ઈનોવેટીવ આઈડીયા ફકત વિજ્ઞાન અને ગણિત ક્ષેત્રના નહી પરંતુ કોઈપણ ક્ષેત્રના હોય શકે. જેવાકે વિજ્ઞાન – ગણિત , સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત , મેકઈન ઈન્ડીયા , સ્ટાર્ટપ ઈન્ડીયા , ડીજીટલ ઈન્ડીયા , એગ્રીકલ્ચર , પર્યાવરણ અન્ય કોઈપણ , બાળકના માતાપિતા જે વ્યવસાય સાથે જોડાયેલ હોય, સમાજ વ્યવસ્થા વગેરે.
- નવી યોજનામાં એક ધોરણમાંથી ફકત એકજ વિધાર્થી નહી પરંતુ એક કરતા વધુ વિધાર્થીને શાળા નોમીનેટ કરી શકશે. ( દા.ત શાળા ૬ થી ૧૦ ધોરણ ની છે તો શાળાના કોઈપણ ૫ (પાંચ બાળકો ને) નોમીનેટ કરી શકાશે. ધોરણ ૬ માંથી બે બાળક ધોરણ ૮ માંથી બે અને ધોરણ ૧૦ માંથી એક એમ શ્રેષ્ઠ આઈડીયા મુજબ પસંદગી કરી શકાશે.)
- શાળાના આચાર્ય અને શિક્ષકો દ્વારા બાળકોને યોજના વિષેની સંપૂર્ણ માહિતી આપયા બાદ બાળકો પાસેથી સમસ્યાને અનુરુપ સમાધાન માટેના ઈનોવેટીવ આઈડીયા લેખીત સ્વરુપ માં ૧૦૦ થી ૧૨૫ શબ્દોમાં લેવા.

- શાળાના પ્રતિભાશાળી બાળકો દ્વારા ઈનોવેટીવ આઈડીયા શાળા જમા કરાવ્યા બાદ શાળાના આચાર્ય અને શિક્ષકો સમીક્ષા કરી તે પૈકી શ્રેષ્ઠ આઈડીયાની પસંદગી કરશે. અને ત્યારબાદ વેબસાઈટ પર અપલોડ કરશે.
- INSPIRE AWARD –MANAK માં નોમીનેશન કરતી વખતે ઈનોવેટીવ આઈડીયા પીન પોઈન્ટ સમસ્યા અને તેનુ સમાધાન બાળકની સુઝ મુજબ ૧૦૦ થી ૧૨૫ શબ્દોમાં ટાઈપ કરી તૈયાર રાખવુ જે Microsoft word. PDF, JPGE પૈકી કોઈપણ ફોર્મેટમાં ચાલશે. ફાઈલની સાઈઝ 2 MB રાખવી અને ગુજરાતી ભાષામાં ફાઈલ નીચે મુજબ તૈયાર કરી શકાશે. આ ફાઈલ નોમીનશેન કરતી વખતે અપ્લોડ કરવી ફરજીયાત છે.


  ( વિધાર્થીનુ નામ , ઉમર, ધોરણ, શાળાનુ નામ અને સરનામુ , ઘરનુ સરનામુ અને મોબાઈલ નંબર , ઈનોવેશન વિચારનુ શિર્ષક , સમસ્યા અને સમાધાન વિવરણ , ફોટો કે ચિત્ર હોય તો, અને એક બાહેધરી પત્રક બે લીટીમાં છેલ્લે (આ ઈનોવેટીવ વિચારમાં મારા શિક્ષક કે માતા – પિતા કે અન્ય કોઈનો સહયોગ નથી. આ મારો મૌલિક વિચાર છે. )
- શાળા એ જે બાળકોનુ નોમીનેશન કરવાનુ છે. તે તમામ બાળકની બેંક પાસબુક અને બાળકની તમામ સામાન્ય માહિતી અને તેના ઈનોવેટીવ વિચારની word,pdf, jpge file સાથે રાખી સાવધાની પુર્વક ચોકસાઈથી માહિતી ભરવી.

## INSPIRE AWARD –MANAK નોમમીનેશન કરવા માટેની સમજુતી


- સૌ પ્રથમ www.inspireawards-dst-gov.in વેબસાઈટ ઓપન કરો
- વેબસાઈટ ઓપન થયા બાદ HOME PAGE પર જમણી બાજુમાં SCHOOL AUTHORITY કલીક કરો.




- School authority કલીક કરતા નીચે મુજબ PAGE ખૂલશે.





- અહી આ PAGE પર આપ TO LOGIN CLICK HEAR પર કલીક કરશો.




ઉપરના ડાયલોગ બોકસ મુજબ તમારુ ID અને PASSWD એન્ટર કરો અને નીચે લાલ કલરથી લખાયેલ કોડ એન્ટર કરો. લોગીન ન થઇ શકો તો Forgot Password પર કલીક કરો એટલે તમારો એપ્લીકેશન નંબર માંગશે જે આપો અને જરુરી વિગત ભરશો એટલે નવો પાસવર્ડ બનાવા માટે લીંક તમારા ઈમેઈલ આઇડી પર આવશે. ત્યારબાદ તમારુ ઈમેઈલ આઇડી ઓપન કરી મેઇલ પર આવેલ લીંક પર કલીક કરી નવો પાસવર્ડ બનાવી. ઈનસ્પાયર એવોર્ડની સાઇટ પર જઇ ઉપર મુજબના સ્ટેપ મુજબ લોગીન કરો. એટલે તમારી શાળાનું INSPIRE DESKBOARD ખૂલશે.





આ મુજબ તમારી શાળાનુ deskboard ઓપન થાય એટલે Forward Nomination icon કલીક કરો. એટલે નીચે મુજબની સ્ક્રિન દેખાશે.





ઉપર મુજબનુ બોકસ દેખાશે. જેમા તમારી શાળાની માહિતી આવી જશે. ફકત માસ સીલેકટ કરો ત્યાર બાદ વિધાર્થીની માહિતી એન્ટર કરો (યાદ રાખો કે બાળકની માહિતી તેની બેંક પાસબુક મુજબ નામ એન્ટર કરો)

ધોરણ પસંદ કરો બાળક અને પિતાનુ નામ પાસબુક મુજબ એન્ટર કરો યુઆઈડી નંબર (યુડાયસ નંબર બાળકનો નાખો પણ છેલ્લા ૧૨ આંકડા નાખવા ન લે તો છોડીદો યુઆઈડી નંબર ફરજીયાત નથી ) અહી તમે એક જ ધોરણના પાંચ બાળકની માહિતી નાખી શકશો. આમ એક પછી એક તમામ બાળકની માહિતી ભરો ને નીચે Nominate Student પર કલીક કરો.એટલે બીજી સ્કીન આવી આવશે.




હવે આપની સ્ક્રીન પર આપે જે બાળકના નામ લખ્યા તેની વિગત આવશે. જો તમારે નામમા સુધારો કરવો હોય તો <u>EDIT</u> જે પેન્સિલ આઈકોન પર કલીક કરો એટલે નામ સુધારવા માટે ફરી જુની સ્ક્રીન દેખાશે. જે નામમાં સુધારો હોય તે સુધારી બાજુમા આપેલ <u>ADD DETAILS</u> જયાં એરો બતાવેલ છે. તેના પર કલીક કરી એક પછી એક એમ તમામ વિધાર્થીની માહિતી ભરો.. ( <u>યાદ રાખશો કે અહી તમે જે માહિતી આપશો તેજ માહિતી વિધાર્થીના આઈકાર્ડ અને પ્રમાણપત્રમાં આવશે એટલે ચોકસાઈથી માહિતી ભરવી</u> )

હવે <u>ADD DETAILS</u> પર કલીક કરતા નીચે મુજબ ડાયલોગ બોક્સ દેખાશે.



Student name: anil

Gender *: Male Female

Date of birth *:

Contact details : STD: Phone:

E-mail address,if any (of the nominated students) :

Category *: -- Select Category --

Broad Theme *: -- Select --

Title of the proposed project *:

Brief write-up on the proposed project ( not exceeding 300 words)[if available] :

Upload the Project Synopsis: Browse... No file selected.

(File type should be in pdf,jpg,jpeg and word format). file size should be less than 2MB)


Name of the teacher who may assist / support / guide / mentor the selected student in preparation of the science project / model* :

Direct credit in the bank a/c of selected student through Electronic Fund Transfer (EFT) mode.

Save & Next

ઉપર સ્ક્રીન મુજબ તમે આપેલ બાળકનુ નામ ઓટોમાં આવી જશે

- **Gender** પસંદ કરો **male/female**
- **Date of birth** બાજુના કેલેન્ડર પર કલીક કરી પ્સંદ કરો
- કોન્ટેક અને ઈમેઈલ ની વિગત હોય તો આપો ફરજીયાત નથી
- કટેગરી આપો બાળકની **SC/ST/OTHER** જે હોય તે
- Board theme માં નીચે મુજબ દેખાશે જેમા આપના બાળકનુ ઈનોવેશન જે થીમ માં સમાવેશ થતો હોય તે થીમ પસંદ કરવી



Student name: anil

Gender *: Male Female

Date of birth *: 21/12/1999

Contact details : STD: Phone:

E-mail address,if any (of the nominated students) :

Category *: General

Broad Theme *: -- Select --

-- Select --
Digital India
Make In India
Skill India
Swachh Bharat
Sawasth Bharat
Others

Title of the proposed project *:

Brief write-up on the proposed project ( not exceeding 300 words)[if available] :

Upload the Project Synopsis: Browse... No file selected.

(File type should be in pdf,jpg,jpeg and word format). file size should be less than 2MB)


Name of the teacher who may assist / support / guide / mentor the selected student in preparation of the science project / model* :


Direct credit in the bank a/c of selected student through Electronic Fund Transfer (EFT) mode.

Save & Next

- **Title of the proposed project** માં તમારા ઈનોવેશન નુ શિર્ષક ટાઇપ કરો
- **Brief write-up on the proposed project** માં જો હોય તો લખો ફરજીયાત નથી
- **Upload the Project Synopsis**: અહી તમારે તમારી word.PDF. JPGE FILE તમે તૈયાર કરી છે તે અપ્લોડ કરો **BROWSE** પર ક્લીક કરશો એટલે તમારી ફાઈલ કયા છે. તે પુછશે આ આપની ફાઈલ સીલેક્ટ કરી ok આપ્શો એટલે બાજુમાંબાજુમાં તમે અપલોડ કરેલ ફાઈલનુ નામ સાથે લેખાશે. યાદ રાખશો કે ફાઈલની સાઈઝ **2 mb** થી વધુ ન હોય. ફાઈલ ગુજરાતીમાં હશે તો ચાલશે. બને ત્યા સુધી **PDF/ WORD** ની ફાઈલ અપલોડ કરવી.
- **Name of the teacher who may assist :-** અહી તમારા માર્ગદર્શક શિક્ષકનુ નામ લખશો
- **Direct credit in the bank a/c :-** હા ટીક કરવુ. DBT થી એવોર્ડ રકમ ખાતામાં જમા કરશો તેવુ કહેવુ
- હવે આ **page** ની તમામ વિગત બરાબર ચેક કરી ભૂલ હોય તો સુધારી **SAVE AND NEXT** આપો.

હવે આપની સામે નવી સ્ક્રીન આવશે. આ મુજબ ની... જેમા બાળકની બેક ની વિગતો આપવાની થશે.






- અહી તમે **name of bank** માટે બાજુમાં થી એરો કી થી બેંક સીલેકટ કરો ( યાદ રહે બધીજ નેશનલાઇઝ બેંક નો ડેટા છે. આમા કો-ઓપરેટીવ બેંક નહી ચાલે.)
- **Name & Address of Bank** તમારી બેંકનુ નામ અને એડ્રેસ ટાઇપ કરો
- **Account Number** :-પાસબુકમાં જોઇ અને ચોકસાઈથી એકાઉન્ટ નંબર ટાઈપ કરો
- **Repeat Account Number** :- ફરીથી ચોકસાઈથી એકાઉન્ટ નંબર ટાઈપ કરો
- **Account Holder's Name** :- અહી તમારે ટાઈપ કરવાનુ નથી ઓટોમાં નામ આવી જશે કારણકે તમે જયારે પહેલીવાર બાળકનુ નામ લખ્યુ હશે. તેજ નામને બેંક એકાઉન્ટ હોલ્ડર તરીકે લેશે.
- **IFSC Code of Bank :-** પાસબુકમાં જોઈ અને ચોકસાઈથી **IFSC Code** ટાઈપ કરો
- **Repeat IFSC Code of Bank** :- ફરીથી પાસબુકમાં જોઈ અને ચોકસાઇ થી **IFSC Code** ટાઈપ કરો
- **Telephone Number of Bank** :- જો હોય તો ટાઈપ કરો ફરજીયાત નથી
- I certify that i have already checked Bank details of student from Passbook. 1
- Save આપો
- અહી હવે આપને નીચે મુજબની સ્ક્રીન દેખાશે.





અહી આપ જે વ્યકિતએ આ માહિતી ભરી છે. તેની વિગત ભરો ભરનાર તરીકે જનરલી વિજ્ઞાન શિક્ષકની અને વેરીફાઇ કરનાર શાળાના આચાર્યની વિગત ભરશો. ફોનનંબર ફરજીયાત લખવો.

આ ફોર્મ માં **save** કરતા ફરી નવુ **page** ખૂલશે.નીચે મુજબનુ.......જેમા વિધાર્થીનો ફોટો અપ્લોડ કરવો.




અહી તમારે **browse** કરી તમારે ફોટો અપ્લોડ કરશો એટલે બાજુમાં તમે અપલોડ કરેલ ફોટો દેખાશે.અહી અપ્લોડ કરેલ ફોટો આગળ તમામ જગ્યાએ ઉપ્યોગમાં લેવાશે. જેમકે આઇકાર્ડ , પ્રમાણપત્ર વગેરે એટલે વિધાર્થીનો એકદમ ચોખ્ખો પાસપોર્ટ ફોટો અપ્લોડ કરવો. અને છેલ્લે **continue to next** પર કલીક કરવુ.

આમ હવે તમારી સ્ક્રીન પર નીચે મુજબનુ બોકસ ખુલશે.





યાદ રાખશો કે તમે ફકત એકજ વિધાર્થીની માહિતી અપલોડ કરી છે. એટલે ફકત એકજ વિધાર્થીની માહિતી ગ્રીન કલરમાં દેખાશે. હવે એક પછી એક એમ તમામ વિધાર્થીની માહિતી ભરશો એટલે તમામ વિધાર્થીની માહિતી રેડ કલરમાંથી ગ્રીન કલરમાં થઇ જશે. તમામ બાળકોની માહિતી અપલોડ થયા બાદ **save and continue** પર કલીક કરો. એટલે નવી સ્ક્રીન ખૂલશે.





અહી તમે **view & edit** પર જશો તો તમારે તમામ માહિતીમાં જયાં સુધારા કરવા હશે ત્યા કરી શકશો.જો કોઇ સુધારા ના હોય તો **forward application** પર કલીક કરો.. એટલે નવી સ્ક્રીન ખૂલશે.




આ સ્ક્રીન પર તમે કરેલ નોમીનેશન સકશેસફુલી જિલ્લા ઓથોરીટીને ફોરવર્ડ થઇ ગયુ છે. અને તેનો નોમીનેશન આઇડી નંબર આપવામા આવે છે. જેને નોધી લેશો અને પછી **GENERATE ACKNOWLEDGEMENT** પર કલીક કરશો એટલે એક **pdf file** ડાઉનલોડ કરવાનુ કહેશે જે ફાઈલમાં તમારા નોમીનેશનની તમામા વિગત હશે જેની પ્રિન્ટ આઉટ કાઢી ફાઈલ માં રાખવી. જે આ મુજબ દેખાશે.





Acknowledgement.pdf - Adobe Reader

File Edit View Window Help

Ministry of Science & Technology, Govt. of India

Department of Science & Technology

Innovation in Science Pursuit for Inspired Research (INSPIRE)

inspire

**Acknowledgement**

**Date:**Dec 21, 2016

Subject: Application for Student Nomination.

**Dear:**GANDHI SCHOOL

Welcome to Innovation in Science Pursuit for Inspired Research award scheme (INSPIRE).

Thank you for nominating students with INSPIRE scheme. Your Application has been successfully submitted and forward to district authority for its approval. Please note the application number for future reference.

**Application number:** 14606747-290133

| Student Name | Parent Name | Class at the time of Nomination | UID Number |
|---|---|---|---|
| BHAGIRTH | PARMAR | 9 | |
| MAYUR | KAKABHAI | 7 | |
| VIRAG | GARARA | 10 | |
| RAJUBHAI | MEHTA | 8 | |
| ANIL | BABUBHAI | 6 | |

For any assistance, please contact to our help desk number: 011-26590500 in between office hours.

Warm Regards,

અહી તમારી વિધાર્થી નોમીનેશનની કામગીરી પૂર્ણ થઈ હવે તમારા બાળકને એવોર્ડ મળશે તો તમારા **inspire school deskboard** માં તેની વિગતો આપવામાં આવશે. સમ્યાતરે ચેક કરતા રહેવુ.

# Project Synopsis sample

- વિધાર્થીનું નામઃ- ..........................................................................................................
- જન્મ તારીખઃ- .................................ઉમર વર્ષઃ-..................... ધોરણઃ- ..........................
- શાળાનું નામ અને સરનામું:- ...............................................................................
  ...................................................................................
- ધરનું સરનામુ:- ...........................................................................................................
- વિધાર્થી / વાલીનો મોબાઈલ નંબરઃ- ............................................................................
- ઈનોવશેન વિચાર / પ્રોજેકટનું શિર્ષકઃ- .........................................................................
- ઈનોવશેન વિચાર / પ્રોજેકટનું વિવરણઃ- (શકય હોય તેટલુ ઊંડાણથી)

**સમસ્યા**.............................................................................................................................................
.........................................................................................................................................................
.........................................................................................................................

......................................................................................................................................................

......................................................................................................................................**સમાધાન**............

......................................................................................................................................................

......................................................................................................................................................

......................................................................................................................................................

.........................................................................................

- **ઈનોવશેન વિચાર / પ્રોજેક્ટનો ફોટોગ્રાફસ / ચિત્ર / ડાયાગ્રામ (હોયતો)**

**બાંહેધરી**

**આથી હું બાહેધરી આપુ છુ કે ઉપરોકત ઈનોવેશન વિચાર / પ્રોજેકટ માં મારા શિક્ષક , માતા-પિતા કે અન્ય કોઈ વ્યકિત નો સહયોગ નથી આ મારો પોતાનો મૌલિક વિચાર છે.**

**વિધાર્થીનું નામ**

**વિધાર્થીની સહી**